# એસીબીનું મેગા સર્ચ ઓપરેશન : પાંચ અધિકારીઓને ત્યાં દરોડા પાડ્યા

ગાંધીનગર, તા. ૨

રાજ્યના ચાર જિલ્લાઓમાં પાંચ અધિકારીઓને ત્યાં એસીબીની ૧૨ ટીમોએ દરોડા પાડીને રૂ. ૧૫ કરોડથી વધુની બેનામી સંપત્તિઓ ઝડપી પાડતા રાજ્યના ભ્રષ્ટ અધિકારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

રાજ્યના લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ એસીબીને મળેલી ફરીયાદોને આધારે ગત મધરાત્રીથી એસીબીની ૧૨ ટીમોએ ગાંધીનગર, જગદીશચંદ્ર જોષી, આણંદના કોન્સ્ટેબલ નરેશ રબારી, ગાંધીનગરમાં મામલતદાર ડાયાલાલ મોદી, સુરતના એઆરટીઓ મહેન્દ્રસિંહ વશી અને વડોદરાના મદદનીશ ઈજનેર દિનેશ કિકાણીના નિવાસસ્થાનોએ દરોડા પાડીને કરોડોની બેનામી આવક કરતા વધુ સંપત્તિ મળી આવી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ બરોડાના મદદનીશ ઈજનેર દિનેશ કિકાણીના નિવાસસ્થાને એસીબીની ટીમે દરોડો પાડીને સર્ચ ૪૯ લાખ કરતા વધુની અપ્રમાણસરની મિલ્કતો મળી આવતા તેમની સામે પણ અપ્રમાણસર મિલ્કતનો ગુનો નોંધીને તપાસ હાથ ધરવામાં આવી છે.

સુરતના એ.આર.ટી.ઓ. મહેન્દ્રસિંહ વશીને ત્યાં પણ એસીબીએ દરોડા પાડી સર્ચ હાથ ધરતા લાખોની અપ્રમાણસરની મિલકતો મળી આવી હતી.

એસીબીએ આજે ચાર જિલ્લામાં પાંચ અધિકારીઓને ત્યાં મેગા સર્ચ ઓપરેશન હાથ ધરીને કરોડોની અપ્રમાણસર મિલકતો ઝડપી પાડતા ભ્રષ્ટ અધિકારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## ૧૫ કરોડથી વધુની અપ્રમાણસર મિલ્કતો જપ્ત

અમદાવાદ, સુરત અને વડોદરામાં પાંચ અધિકારીઓના નિવાસસ્થાનો સહીત ૧૨ સ્થળોએ દરોડા પાડીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં અંદાજે ૧૫ કરોડથી વધુની બેનામી મિલ્કતો મળી આવતા જપ્ત કરવામાં આવી હતી.

એસીબીની ૧૨ ટીમોએ પાંચ અધિકારીઓને ત્યાં દરોડા પાડ્યા હતા. જેમાં ખેડાના વન સંરક્ષક ઓપરેશન હાથ ધરવામાં આવતા અંદાજે રૂ. આઠ કરોડથી વધુની બેનામી સંપત્તિ મળી આવી હતી. જેના પગલે એસીબીએ તેમની સામે આવક કરતા વધુ સંપત્તિનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત ખેડા એસીબીએ નડીયાદ ખાતે સામાજીક વનિકરણ વિભાગના વન સંરક્ષક જગદીશચંદ્ર જોષીને ત્યાં પણ દરોડા પાડીને અંદાજે

ગાંધીનગર ખાતે અગાઉ મામલતદાર તરીકે ફરજ બજાવતા ડાહ્યાલાલ ગીરધરલાલ મોદીએ વર્ષ ૨૦૦૦થી ૨૦૧૦ દરમ્યાન ભ્રષ્ટ કામો કરીને કાયદેસરની આવક રૂ. ૬૧,૭૯,૪૪૫ની સામે રૂ. ૨,૦૫,૨૫,૧૦૩નું રોકાણ કર્યુ હોવાનું ધ્યાને આવ્યુ છે. એટલે કે રૂ. ૧,૪૩,૪૫,૬૫૮ (૨૩૨.૧૫ ટકા)ની અપ્રમાણસર મિલ્કતો ઓન રેકોર્ડ વસાવી હોવાનું બહાર આવતા એસીબીએ વધુ તપાસ શરૂ કરી છે.



જુનામાંકા ગામે પાઈપલાઈનની આસપાસ પડેલા ખાડાઓ ભારે હાલાકી ઉભી કરશે એવી દહેશત વર્તાઈ છે. હારીજ તાલુકાના જુનામાંકા ગામે પસાર થતી પાઈપલાઈનની આસપાસ સર્જાયેલા ખાડાઓથી પાણીના વહનમાં તથા લીકેજના પ્રશ્નો વ્યાપક રીતે ઉભા થઈ રહ્યા છે. જેની દુરસ્તી તાકીદે જરૂરી છે.

# નવમાં ચરણના ગરીબ કલ્યાણ મેળાના સંદર્ભમાં બેઠક યોજાઈ

## ગરીબ કલ્યાણ મેળાની આગામી શ્રેણી કુલ ૩૩ જિલ્લામાં પ્રાંત વાઈઝ અને મહાનગરોમાં ઝોનવાઈઝ યોજવા તૈયારી

અમદાવાદ, તા.૨

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળાના આગામી નવમા ચરણમાં ૩૩ જિલ્લાઓમાં પ્રાંત વાઈઝ તથા મહાનગરોમાં ઝોન વાઈઝ ગરીબ કલ્યાણ મેળા યોજવાની નેમ વ્યક્ત કરી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આવા મેળાઓ ૧૪૮ સ્થાનો પર યોજાવાના છે. મુખ્યમંત્રીએ આજે સ્વરોજગાર તાલીમ મેળવ્યા બાદ આર્થિક સધ્ધરતા સક્ષમતા માટે સાધન સહાય આ ગરીબ કલ્યાણ મેળામાં આપવાના આયોજનમાં ૧૨થી ૧૪ લાખ લોકોને આવરી લઈ ૧૦૦૦થી ૧૪ હજાર કરોડ રૂપિયાની સહાય નવમાં ચરણના મેળામાં અપાવાની છે. આનંદીબેન ગરીબ કલ્યાણ મેળાએ ગરીબી નિમૂલન તથા ગ્રામીણ અર્થતંત્રમાં કાયાપલટનું માધ્યમ બન્યા છે તેની આપવાની યોજનામાં આ વર્ષે ૧ લાખ ૯૩ હજાર ૨૦૦ સાઈકલ દિકરીઓને સરકાર આપશે તેમ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ ગરીબ મધ્યમ વર્ગીય જરૂરતમંદ પરિવારોને રાજય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ પહોંચે તે માટે તેમની જનજાગૃતિ માટે સૌ નાગરિકો, નિવૃત શિક્ષકો, આચાર્યો, શાળાના શિક્ષકો સમાજના અગ્રણીઓને અનુરોધ કર્યો હતો. તેમણે એવો



ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી ગરીબ કલ્યાણ મેળાના આગામી નવમા ચરણના આયોજનને આખરી ઓપ આપ્યો હતો.

તેમણે અગાઉના આઠ ચરણમાં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળાઓની તલસ્પર્શી સમીક્ષા પણ કરી હતી અને માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીએ બેઠકમાં જણાવ્યું કે, ગરીબ મધ્યમ વર્ગના પરિવારોને વિગતો આપાતં જણાવ્યું કે, ૨૦૦૯થી શરૂ થયેલી ગરીબ કલ્યાણ મેળાની સફળતમ આઠ શૃંખલામાં ૧ કરોડથી વધુ લાભાર્થીઓને રૂ. ૨૪,૨૯૬ કરોડના લાભ સહાય હાથોહાથ આપ્યા છે. તેમણે ગ્રામીણ વિસ્તારોમાં પોતાના ગામમાં માધ્યમિક શાળા ન હોય તેવી દિકરીઓને બાજુના ગામની શાળામાં ધોરણ-૯માં પ્રવેશ વેળાએ સરસ્વતી સાધના યોજના તહેત સાઈકલ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ગરીબ કલ્યાણ મેળાનું આગામી નવમું ચરણ રાજયમાં ગરીબોના સેવા યજ્ઞનું પ્રશસ્ય કદમ સરકારનું બની રહેશે. પંચાયત રાજયમંત્રી જયંતિભાઈ કવાડીયા, મુખ્યસચિવ જીઆરઅલોરિયા તથા પંચાયત, ગ્રામ વિકાસ, કુટિર ઊદ્યોગના વરિષ્ઠ સચિવ, મુખ્યમંત્રીના અગ્રસચિવ એસ અપર્ણા, સચિવ અજય ભાદુ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# દેશી બનાવટના તમંચાની સાથે એક શખ્સની થયેલી અટકાયત

અમદાવાદ, તા.૨

ગેરકાયદેસર હથિયાર સાથે એક આરોપીને એસઓજી એ પકડી પાડ્યો છે. ઝડપાયેલા શખ્સ પાસેથી મળેલા દેશી બનાવટના તમંચાને લઈને પુછપરછ હાથ ધરવામાં આવી હતી. સાથે સાથે આરોપી સામે હથિયાર ધારા મુજબ વધુ કાર્યવાહી હાથી ધરવામાં આવી છે. આરોપીને સાબરમતી કેશવનગર જેપીની ચાલી પાસેથી ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી ગેરકાયદેસરના હથિયાર મળી આવતા કબ્જે કર્યું હતું. અમદાવાદ એસઓજી ટીમ સહિત પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન સાબરમતી કેશવનગર જેપીની ચાલીના નાકેથી બાતમી મળી હતી. બાતમીના આધારે વોચ ગોઠવતી હતી. વોચ દરમ્યાન સાબરમતી કેશવનગર જેપીની ચાલી પાસેથી આરોપી તરૂણ ખોડીદાસ પરમાર (ઉ.વ.૨૯)નાની ધરપકડ કરી હતી. આરોપી પાસેથી એક દેશી તમચો મળી આવતા કબ્જે કર્યો હતો. આ અંગે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. આ સિવાય બીજા કોઈ હથિયાર બાબતે આરોપીની સઘન પુછપરછ હાથ ધરી છે.

# એ પ્લસ, એ ગ્રેડ શાળાઓમાં ઉલ્લેખનીય વૃદ્ધિ : ચુડાસમા

## એ ગ્રેડની શાળાઓમાં ૫૭૭૬નો વધારો : બી, સી, ડી ગ્રેડની શાળાઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયાનો દાવો

અમદાવાદ, તા.૨

શિક્ષણ સુધારણા અંતર્ગત વર્ષ ૨૦૦૯થી પ્રાથમિક શાળાઓની ગુણવતા ચકાસણી અર્થે પ્રતિવર્ષ યોજાતા ગુણોત્સવ કાર્યક્રમના પરિણામે ગુણોત્સવ-૬માં એવન પ્લસ અને એવન ગ્રેડ ધરાવતી શાળાઓમાં ગુણોત્સવ-૫ની તુલનામાં નોંધપાત્ર વધારો થયો છે.

શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંગ ચુડાસમાએ જણાવ્યું છે કે, ગુણોત્સવ-૫માં એવન પ્લસ ધરાવતી ૮૫૮ શાળાઓ હતી, જે ગુણોત્સવ-૬માં વધીને ૧૯૬૦ થઈ છે. અર્થાત એવન પ્લસ શાળાઓની સંખ્યામાં ૧૧૦૨ જેટલો વધારો થયો છે. એજ રીતે ગુણોત્સવ-૫માં એવન ગ્રેડ ધરાવતી ૧૧૧૩૨ શાળાઓ હતી જે ગુણોત્સવ-૩માં વધીને ૫૭૭૬ શાળાનો વધારા સાથે એવન ગ્રેડની શાળાઓની કુલ સંખ્યા ૧૬૯૦૮ થઈ છે. જ્યારે બી સી અને ડી ગ્રેડની શાળાઓમાં ઘટાડો નોંધાયો છે. ગુણોત્સવ-૬ અંતર્ગત રાજયની ૩૪૨૩૯ શાળાઓના ૫૨,૦૪,૦૨૬ બાળકોનું મુલ્યાંકન કરવામાં આવ્યું હતું. ગુણોત્સવ-૫ દરમ્યાન સી અને ડી ગ્રેડ ધરાવતી શાળાઓની સંખ્યા અનુક્રમે ૪૭૬૩ અને ૧૭૦૬ હતી જે ગુણોત્સવ-૬ દરમ્યાન ઘટીને અનુક્રમે ૨૦૦૨ અને ૭૬૪ રહી છે. ડી ગ્રેડ ધરાવતી શાળાઓની સંખઅયા ૯૪૨ અને સી ગ્રેડ ધરાવતી શાળાઓની સંખ્યામાં ૨૭૬૧ જેટલો ઘટાડો થયેલ છે. ગુણોત્સવ-૫ની સરખામણીમાં ગુણોત્સવ-૬ દરમ્યાન ધોરણ-૨થી ૫માં વાચન, લેખન અને ગણનમાં અનુક્રમે ૬.૫ ટકા, અને ૨.૮ ટકાનો વધારો થયેલ છે. ગુણોત્સવ-૫ની સરખામણીમાં ગુણોત્સવ-૬ દરમ્યાન ધોરણ-૬ થી ૮માં વિષયોનું મુલ્યાંકન હાથ ધરવામાં આવે છે ત્યારે રાજયએ ગત વર્ષની તુલનામાં પોતાનું યથાસ્થાન જાળવી રાખેલ છે. ગુણોત્સવ દરમ્યાન મુખ્યત્વે ત્રણ બાબતોનું મૂલ્યાકન કરવામાં આવે છે. ૧. શૈક્ષણિક મૂલ્યાકન ૨. સહ શૈક્ષણિક મૂલ્યાંકન અને ૩. ભૌતિક સંસાધનોનો ઉપયોગ અને લોકભાગીદારીનું મૂલ્યાંકન. ગુણોત્સવ-૫ની સરખામણીમાં ગુણોત્સવ-૬ દરમ્યાન આ ત્રણેય પાસાઓના મૂલ્યાંકનમાં અનુક્રમે ૨.૩૫ ટકા, ૫.૯૦ ટકા અને ૧૧.૩૫ ટકા જેટલો વધારો થયેલ છે. જે ગુણવતા સુધારણા માટે સરકારે લીધેલ પગલાની હકારાત્મક અસર દર્શાવે છે.

# ગુજરાતના વેપારના સંબંધોને સુધારવા રાજદૂતો સાથે ચર્ચા

અમદાવાદ, તા.૨

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પાંચ જેટલા દેશોમાં ભારતીય રાજદુત તરીકે સેવારત ભારતીય વિદેશ સેવાના વરિષ્ઠ અધિકારીઓ સાથે આજે ગાંધીનગરમાં બેઠક યોજી હતી.

આનંદીબેનને મળેલા આ રાજદુતોમાં ફિનલેન્ડના ભારતીય રાજદુત અશોક, શર્મા, પનામાના શમ્મા જૈન, બોત્સવાના ભારતીય હાઈકમિશનર ડૉ.કેતન શુકલા તાન્ઝાનિયાના ભારતીય હાઈકમિશનર સંદિપ આર્ય તેમજ મોન્ગોલિયાના ભારતીય રાજદુત ટી સુરેશબાબુને મુખ્યમંત્રીએ ગુજરાતના આ દેશો સાથેના વ્યાપારિક આર્થિક સંબંધો વધુ સુદ્રઢ બનાવવા તેમજ વિદેશી મૂડીરોકાણો મેળવવામાં તેમના પ્રદાનની ભૂમિકા આપી સુચનો મેળવ્યા હતા. મુખ્યમંત્રીએ કલ્ચરલ એકસચેન્જ પ્રોગ્રામ અન્વયે ગુજરાતના યુવાનો યુવતીઓના જુથો આ દેશમાં પરસ્પર સાંસ્કૃતિક આદાન પ્રદાન હેતુ જાય તેવી વ્યવસ્થા માટે પણ આ રાજદુતોને અનુરોધ કર્યો હતો.

આનંદીબેને વિદેશમાં સ્થિત ભારતીય મિશનને ગુજરાતના વિકાસની ગતિ પ્રગતિના અપડેટસ મળી રહે તેમજ તેમના મંતવ્યો મેળવી શકાય તે માટે ઈન્ડીયન મિશન ફેસીલિટેશન ઈનીશીયેટીવ ગુજરાત તહેત ઈલેક્ટ્રોનિક પ્લેટફોર્મ પોર્ટલ તૈયાર કર્યું છે તેની પણ વિશદ ચર્ચા કરી હતી. તેમણે રાજયમાં ઊદ્યોગો માટેની સાનુકુળતા, માળખાકીય સુવિધાઓ તથા સરળ પ્રક્રિયા માટે વર્લ્ડ બેન્ક દ્વારા ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેશના રેન્કીંગમાં પ્રથમક્રમ ગુજરાતે મેળવ્યો છે તેની વિસ્તૃત વિગતો સાથે આગામી વાયબ્રન્ટ સમિટ ૨૦૧૭ની ચર્ચા કરી હતી.

### મૂલ્યાંકન કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષણમંત્રી અને રાજ્ય શિક્ષણ મંત્રીએ જિલ્લા કક્ષાએ યોજેલી ચિંતન બેઠકો દરમ્યાન ધો. ૯માં બાળકો નબળા હોવાથી ધો. ૧૦નું પરિણામ નબળુ આવે છે તેવી કરેલી રજુઆતોને પગલે ધો. ૮માંથી ૯માં પ્રવેશ મેળવનાર બાળકોને પણ નમૂનારૂપ ગુણોત્સવમાં આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

શાળા પ્રવેશોત્સવ અને નમૂનારૂપ ગુણોત્સવના આયોજનને લઈ શિક્ષણમંત્રીએ આજે અમદાવાદમાં વિવિધ શૈક્ષણિક સંગઠનો સાથે બેઠક યોજી હતી તો શુક્રવારે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ આજે વિડીયો કોન્ફરન્સ થકી આ આયોજનને લઈ માર્ગદર્શન આપશે.

### દંગ રહી ગયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આધારિત આ પ્રકારનો પ્રોજેકટ તૈયાર કરવાની ઈચ્છા પણ દર્શાવી હતી.

શહેરના હાર્દ સમા વિસ્તારમાં મહાત્મા મંદિરનો પ્રોજેકટ તૈયાર કરાયો છે. જયારે મહાત્મા મંદિરને અનુલક્ષી ગાંધીજીના જીવન ચિરત્રનો ચિતાર રજુ કરતી અદભુત દાંડી કુટીર પણ તૈયાર કરવામાં આવી છે. દાંડી કુટીર નિહાળી વિદેશીઓ ઉપરાંત બહારના રાજયોના નાગરિકો તેમજ રાજકીય આગેવાનો પણ પ્રભાવિત થાય છે. સ્વર્ણિમ પાર્ક તેમજ મહાત્મા મંદિર સુધીના આ પુરુષાર્થ પરિશ્રમ અને પરિણામ તરફ અંગુલી નિર્દેશ કરતા પ્રોજેકટને નિહાળી સો કોઈ દંગ રહી જાય છે. આજે મહાત્મા મંદિરની મુલાકાતે કર્ણાટકના ધારાસભ્ય ઈશ્વર બી ખાંદ્રે તેમજ એમ એલ સી અને કર્ણાટકના માર્ગ મકાન વિભાગની ટીમ આવી હતી. આ દરમિયાન પાટનગર યોજના ભવનના નાયબ કાર્યપાલક ઈજનેર જતીન ઓઝાએ તેમની સમક્ષ પ્રેઝન્ટેશન પણ રજુ કર્યુ હતુ. દાંડી કુટીર તેમજ મહાત્મા મંદિરને નિહાળી કર્ણાટકની ટીમ ખુબ જ પ્રભાવિત થઈ હતી.કર્ણાટકના ધારાસભ્ય શ્રી ખાંદ્રેએ જણાંવ્યુ હતુ કે ગાંધીજીના જીવન ચરિત્રને દર્શાવવા માટે દરેક રાજયમાં આ પ્રકારની દાંડી કુટીરનુ નિર્માણ કરવુ જોઈએ. કર્ણાટકન માર્ગ મકાન વિભાગની ટીમના અધિકારીઓ પણ દાંડી કુટીર નિહાળી દંગ રહી ગયા હતા. કર્ણાટકથી આવેલી ટીમ નગરની હરિયાળી તેમજ રોડનેટવર્કથી પણ પ્રભાવિત થઈ હતી.

### ૨૪ દોષિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

સામે હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવનાર છે. આ કેસમાં ટ્રાયલ સાત વર્ષ સુધી ચાલી હતી. સઘન સુરક્ષા વચ્ચે ખાસ જજ પીબી દેસાઈ દ્વારા ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૧૫માં ખાસ અદાલતે ટ્રાયલ પૂર્ણ કરી હતી. આ હત્યાકાંડમાં અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ૬૯ લોકોના મોત થયા હતા જેમાં કોંગ્રેસના પૂર્વસાંસદ અહેસાન જાફરીનો સમાવેશ થાય છે. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે આ હત્યાકાંડ સર્જાયો હતો. ગોધરા રેલવેસ્ટેશન ખાતે સાબરમતી એક્સપ્રેસ ટ્રેનને આગ ચાંપી દેવાની ઘટનાના એક દિવસ બાદ એટલે કે ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે આ હત્યાકાંડ થયો હતો જેમાં ૬૬ આરોપીઓ હતા. ૩૦૦થી પણ વધુ સાક્ષીઓની ઉલટ તપાસ કરવામાં આવી હતી.

### પગાર વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારના કર્મચારીઓને મોટી રાહત થશે. પગાર વધારાનો લાભ આગામી મહિનાથી મળવાની શરૂઆત થશે. સાતમાં વેતન પંચની ભલામણોથી ૪૭ લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને બાવન લાખ પેન્શનરોને ફાયદો થશે. સેક્રેટરીની એમ્પાવર્ડ કમિટિ સ્ક્રીનિંગ કમિટિ તરીકે કામ કરશે. કમિશનના તમામ સંબંધિત પરિબળોના સંદર્ભમાં ભલામણોની પ્રક્રિયાને આગળ વધારશે. પ્રાપ્ત માહિતી મુજબ સાતમાં વેતન પંચની ભલામણોને અમલી બનાવવાને લઈને હાલમાં ચર્ચા ચાલી રહી હતી. સરકાર કહી ચુકી છે કે, સાતમાં વેતન પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણ મુજબ નવા પગાર સ્કેલના અમલીકરણથી તિજોરી ઉપર જંગી બોજ પડનાર છે. વર્ષ ૨૦૧૬-૧૭માં તિજોરી ઉપર ૧.૦૨ લાખ કરોડનો વધારાનો બોજ પડશે અથવા તો જીડીપીના ૦.૭ ટકા સુધીનો વધારાનો બોજ પડશે.

### સારુ રહેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવામાન વિભાગે આ અગાઉ ૧૫મી મેના દિવસે કહ્યું હતું કે, દક્ષિણ પશ્ચિમ મોનસુન સાતમી જૂનના દિવસે કેરળના દરિયાકાંઠે પહોચી શકે છે. તેમાં ચાર દિવસ ફેરફાર થઈ શકે છે. ગયા વર્ષે મોનસુન અંદાજિત તારીખ ૩૦મી મેથી છ દિવસના વિલંબથી જૂનમાં કેરળ દરિયાકાંઠે પહોંચ્યા બાદ મોનસુનની શરઆત થઈ હતી. હવામાન વિભાગે આજે કહ્યું હતું કે, આ વર્ષે સારો વરસાદ રહેશે. વધારે વરસાદ પણ પડી શકે છે. સામાન્ય કરતા વધુ વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે લોંગ ટર્મ એવરેજના ૧૦૬ સુધીના વરસાદની આગાહી કરી છે જે કૃષિ અને આર્થિક વિકાસની પ્રવૃત્તિ માટે સારી આગાહી તરીકે છે. સતત બે વર્ષ સુધી દુષ્કાળની સ્થિતિના કારણે ગ્રામીણ આવાસ અને કૃષિ ઉત્પાદનમાં ઘટાડો થયો હતો. આગામી ૪-૫ દિવસમાં મોનસુનના આગમન માટેની સ્થિતિ સાનુકુળ દેખાઈ રહી છે. પત્રકાર પરિષદ યોજીને ભારતીય હવામાન વિભાગના વડા લક્ષ્મણસિંહ રાઠોડે આજે આ મુજબની વાત કરી હતી. જૂન-સપ્ટેમ્બર મોનસુની વરસાદ દેશના અન્ય ભાગોમાં આગળ વધતા પહેલા દક્ષિણી કેરળમાં સૌથી પહેલા પહોંચે છે.

### અમૂલ દૂધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આખા રાજયમાં શનિવારથી અમલમાં આવશે. આ ભાવ વધારા અંગે મેનેજિંગ ડિરેક્ટર આર એસ સોઢીએ કહ્યું છે કે અમે દિલ્હીમાં ભાવ વધારો કરવામાં આવ્યા બાદ રાજધાનીમાં છેલ્લી વખત મે, ૨૦૧૪માં દુધના ભાવ વધારવામાં આવ્યા હતા. એ પછી ગુજરાતમાં જુન, ૨૦૧૫માં કંપનીએ તેની તમામ બ્રાન્ડમાં પ્રતિલિટરે ૨ રૂપિયાનો વધારો કર્યો હતો. રાજયમાં ૨૦૦૬ના વર્ષ બાદ ૨૧મી વખત આ દુધના ભાવમાં વધારો થઈ રહ્યો છે. સોઢીની દલીલ એવી છે કે, ખર્ચ વધવાને કારણે આ ભાવ વધારો કરવો પડ્યો છે. ખેડુતોને ચુકાવવામાં આવતા ભાવમાં વીસ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પશુઓ માટેના ચારા અને સામગ્રીઓની માર્કેટ કિંમતમાં વીસ ટકાનો વધારો થયો છે. ગુજરાત ઉપરાંત ઉત્તરપ્રદેશ, કોલકતા, મુંબઈ અને અન્ય શહેરોમાં પણ આવનારા આઠ દસ દિવસમાં નવા ભાવ અમલી બનશે. ઉલ્લેખનીય છે કે, અમૂલ માર્કેટમાં અમૂલ તાજા, અમૂલ શક્તિ, અમૂલ ગોલ્ડ, અમૂલ સ્લિમ, અમૂલ ટી અને અમૂલ કાઉ નામથી છ બ્રાન્ડનું બજારમાં વેચાણ કરે છે.

### કારસો નિષ્ફળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોઈને હજુ પુરો ન્યાય મળ્યો નથી તેવું લાગતું હોય છે. તેમાં આરોપી કે ફરિયાદી સુપ્રિમ કોર્ટમાં જઈ શકે છે. આ એક ન્યાયિક પ્રક્રિયા છે. ખુશી કે ગમ હોઈ શકે છે પરંતુ કોર્ટનાં ચુકાદાને દરેકે સ્વીકાર કરવાનો હોય છે. ભાજપ પણ સ્વીકાર કરે છે. કોંગ્રેસના અસંવૈધાનિક, અનૈતિક, બેફામ આક્ષેપોને સખત શબ્દોમાં વખોડી નાંખતા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, એકબાજુ તેના નેતા કોર્ટનો ચુકાદો સંતોષકારક રહ્યો નથી તેમ કહીને કોર્ટની સામે આડકતરો આક્ષેપ કરીને કોર્ટની અવહેલના કરે છે અને બીજી બાજુ નરેન્દ્ર મોદી કે જેમને તમામ કોર્ટે કલીનચીટ આપી છે. તેની સામે કાદવ ઉછાળવાનો પ્રયાસ કરે છે. સત્તા વગર તરફડતી કોંગ્રેસ બેબાકળી બનીને હંમેશા ગુજરાતને ટાર્ગેટ કરે છે, નરેન્દ્ર મોદીને ટાર્ગેટ કરે છે. હવે તો તે ન્યાયતંત્રને પણ ટાર્ગેટ કરે છે. તે યોગ્ય નથી.

### ભક્ષક બની

● અનુસંધાન પહેલાનું ચાલુ

થાય છે તે તેમને સમજાય. તેઓ હાઈકોર્ટના દ્વારા ખખડાવશે. ગોધરાકાંડ પછી ગુલબર્ગ સોસાયટીના બનાવ ઉપરાંત અમદાવાદ, પચંમહાલ, ઉત્તર ગુજરાત તેમજ રાજયમાં અનેક ઠેકાણે જન્મે મુસ્લિમ હતા. તેમના ઉપર અમાનુષી હુમલાઓ થયા. ગર્ભવતી બહેનોના પેટ ચીરી નાંખવા, નાના બાળકોને રહેંસી નાંખવા, વૃદ્ધોને પણ ખતમ કરી નાંખવા, આમ ભાજપ સરકારે ગુજરાતમાં હિન્દુ મુસ્લિમ સમાજની કોમી લાગણીઓ ભડકાવી રાજયને ભડકે બળાવી અને સમાજ વ્યવસ્થાને તોડી નાંખીને, વ્યવસ્થિત ષડયંત્ર રચીને ૨૦૦૨માં સત્તા હાંસલ કરવામાં ભાજપ સફળ રહ્યું. ગોધરા ખાતે રેલ્વેનો ડબ્બો કોણે સળગાવેલો તેની પાછળ ક્યા તત્વો કામ કરી રહ્યા હતા. તેનું રહસ્ય આજે પણ રહસ્ય જ રહ્યું છે.

### તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

મનસુખભાઈ બોલ્યા - કાંતિ તું તમાકુની તરફેણ નથી કરતો એ જાણી મને ખુબ આનંદ થયો. સ્વામી નારાયણ ભગવાનના સાધુ સંતો તો વ્યસન મુક્તિ માટે બિચારા રોજ ટહેલ નાખે છે. ચા ન પીવી, ડુંગળી ન ખાવી, તમાકુ છોડો, દારૂ છોડો, સિગરેટ છોડો, સરસ મજાનું ભગવાને જીવન આપ્યું છે તો તમારું રોજિંદુ કામ કરી ભગવાન ભજી, અક્ષરધામમાં ભગવાનના ગમતા પુત્ર તરીકે સ્થાન લો. કાન્તીભાઈ બોલ્યા - ભાઈ મનસુખ તારી વાત તદ્દન સાચી છે. મેં ૬ વર્ષથી ચાલુ કરી આજે ૮૫ વર્ષ પુરા કર્યા એ ભગવાનની દયા છે કે મને કોઈ તમાકુની આડઅસર થઈ નથી, પણ તમાકુ ખરાબ વસ્તુ છે. મે તો મારું જીવન હવે પૂરું કર્યુ પણ નવયુવકોને સલાહ આપું કે તમાકુ ન ખાઓ. તંદુરસ્તીથી જીવો, ખાતા હોવ તો બંધ કરો. હા, વ્યસન કરતા માણસ વ્યસન કેમ કરતા હોય છે ? સામાન્ય રીતે બુદ્ધિજીવી મનુષ્યો કામમાં એટલા બધા વ્યસ્ત રહેતા હોય છે, નવા વિચારો, હરીફાઈમાં ટકવું એ બધા માટે પોતાના મગજને નવી શક્તિ આપવી અથવા તો ફ્રેશ થઈ જવાના ઈરાદાથી અથવા તો મગજને નવા વિચારો આવે, જેનાથી ધંધામાં અને હરીફાઈમાં અગ્રેસર થવા માટે તમાકુ સિગરેટ કે દારૂનો સહારો લેતા હોય છે પણ શરીરની બરબાદી કરીને આવું કોઈ પણ વ્યસન કરવામાં જરા પણ શાણપણ નથી... માટે હું કાન્તિલાલ જોશી - યુવાનોને આગ્રહપૂર્વક વિનતી કરું છું - હુકમથી કહું છું કે તમાકુ છોડો, સિગરેટ છોડો, દારૂ છોડો, તમારા મગજને એક્ટીવ કરવા બીજું કંઈ પણ કરો પણ વ્યસન ન કરો. કરોડો રૂપિયા ભેગા કરી તેમણે ભોગવવાની શક્તિ જે વ્યસન લેતું હોય તો આવું કરવામાં કંઈ શાણપણ નથી. જો તમે તમાકુ ખાતા હોવ તો આજથી પ્રતિજ્ઞા લો 'તમારા આરાધ્ય દેવ ના સમ' લઈને હાથમાં પાણી લઈને જળ મુકો કે હવે આજથી તમાકુ બંધ. તો જ સાચા રસ્તા પર તમે પ્રગતિ કરી ગણાશે. મનસુખભાઈથી રહેવાયું નહિ - કાંતિલાલ તમે સલાહ તો સારી આપો છો પણ કહો તો ખરા કે તમાકુની જગ્યાએ માણસોએ શું ખાવું જોઈએ. કાન્તિલાલ બોલ્યા શક્ય હોય તો કંઈ ન કહેવું જોઈએ અને ખાવાનું મન હોય તો ઈલાયચી, લવિંગ, ધાણાદાળ, ચ્વીંગમ ખાવી જોઈએ. મનસુખભાઈ બોલ્યા કાંતિલાલ - સોપારી ખાવામાં શું વાંધો ? કાંતિલાલે કહ્યું - મનસુખ સોપારી પણ ખરાબ જ છે, એકલી સોપારી ખાઓ કે તમાકુ સાથે ખાઓ બંનેની આડ અસર છે જ. મનસુખલાલ તમે જડબાનું કેન્સર થયેલા માણસને ઓપરેશન થાય પછી જોયેલા છે ? તેનો ચહેરો કેટલો બિહામણો થઈ જાય છે. સામે જોતા બીક લાગે. એટલે જ કહું છું કે બને તો ખોરાક સિવાય કોઈ વસ્તુ મોઢામાં રાખવી નહિ. દાંત બગાડવા નહિ અને કેન્સરમાં ફસાવું નહીં. ચાલો આપણે આપણી આવતીકાલ સુધારીએ.ગામમાંથી પાનના ગલ્લાઓને દેશવટો આપવો જોઈએ.

**કાર્યપાલક ઈજનેર સા.કાં. પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર**

**જાહેર નિવિદા નં. ૪/૨૦૧૬-૨૦૧૭**

કાર્યપાલક ઈજનેરશ્રી, સા.કાં. પંચાયત મા.મ. વિભાગ હિંમતનગર (ફોન નં. ૦૨૭૭૨ ૨૪૦૬૫૧) દ્વારા ઓડબલ્યુઆર ૨૦૧૫.૧૬ના કામ જેની અંદાજીત કિંમત રૂ. ૭૦.૭૬ લાખથી ૨૮૮.૬૪ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો માગવામાં આવે છે. જે વેબસાઈટ www.rnb.nprocure.com ઉપર તા. ૮/૬/૨૦૧૬થી જોઈ શકાશે. તથા તા. ૧૫/૬/૨૦૧૬ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

ક્રમાંક ના.મા.નિ./હિંમત/૧૨૨/૨૦૧૬

**જાહેરાત**

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, બ્લોક નં. ૧૧/૩ જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેની કચેરીમાં એસ.જી.એફ.આઈ. દ્વારા યોજાતી રમતગમતની વિવિધ સ્પર્ધાઓના આયોજન સંચાલન માટે નીચે મુજબની જગ્યાઓ ઉપર ૧૧ માસના કરાર આધારિત ફિક્સ પગારથી નિમણુંક આપવા માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. જરૂરી શૈક્ષણિક લાયકાત, અનુભવ, કોમ્પ્યુટરની જાણકારી ધરાવનાર ઈચ્છુક ઉમેદવારોએ તા. ૧૩/૬/૨૦૧૬ સુધીમાં તેમની અરજી આ કચેરીને મોકલી આપવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | ફિક્સ પગાર | સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | પ્રોજેક્ટ ઓફિસર | ડી.પી.એડ./બી.પી.એડ. | રૂ. ૬૦૦૦/- | ૦૧ |
| ૨ | સિનિયર ક્લાર્ક | સ્નાતક | રૂ. ૪૫૦૦/- | ૦૧ |
| ૩ | જુનિયર ક્લાર્ક | ધોરણ-૧૨ | રૂ. ૪૫૦૦/- | ૦૧ |

સહી/-
(એમ. વાય. દક્ષિણી)
કમિશનર
યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ
ગાંધીનગર

માહિતી/૫૪૮/૨૦૧૬-૧૭